ફોજદારી ઈન્કવાયરી નંબર – **૧૫/ ૨૦૨૬**

## :: આંક–૧ લગત વધુ હુકમ ::

(૧) રજુઆત સાંભળી. હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સં હીતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકરી'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ/ઈન્કવાયરી સબબ આરોપીઓને આંક–૩ ની નોટીસ કરતા આરોપી તેઓના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે.

(૨) આજરોજ આ કામના આરોપી પક્ષની રજુઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરિયાદ સબંધી કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપીએ તેઓના વિ.વ.શ્રી મારફત હાજર રહી **આંક–૫** થી વકીલપત્ર રજુ કરી **આંક–૬** થી સદર ફરીયાદને બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઈ વાંધો કે તકરાર નથી તેમ રજુઆત કરેલ છે. જેથી આ કામે રજુ ફરીયાદીની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતા આરોપી સામે સબબ ગુનાની પ્રથમ દર્શનીય રીતેની આગળની કાર્યવાહી કરવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

– હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી
આરોપી સામે બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૨૭અન્વયે
ફરીયાદ સબબના ગુનાઓ અંગેનો સમન્સ ઈસ્યુ કરી આજ
રોજને સ્પેસ્યલ સીટીંગમાં/હાથોહાથ આપવા હુકમ કરવામાં આવે છે.

સ્થળ : રા જ કો ટ.

તારીખ : ૨૦/ ૦૪ / ૨૦૨૬

EMD

( **પી. આર. સુથાર** )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અને ન્યાયાધીશ (સી.ડી.)
મજુર અદાલત નંબર–૨, રાજકોટ.
**GJ1026**